YEARS OF
CELEBRATING
THE MAHATMA

નિયામક,સમાજસુરક્ષાખાતુ
બ્લોકનં. ૧૬,ગ્રાઉન્ડફ્લોર,
ડો. જીવરાજમહેતાભવન,
ગાંધીનગર – ૩૮૨૦૧૦.
ફોનનં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૯
ફેક્સનં : ૦૭૯ – ૨૩૨૫૬૩૦૮
ઈ -મેઈલ : dir-sd@gujarat. gov.in

નં.સસુખા/અપગ/૨૦૧૯-૨૦/૧૦૦૫ તા.૩૧/૦૫/૨૦૧૯

# પરીપત્ર

વિષય : ડી.ડી.આર.એસ. અને એડીપ સ્કીમ સ્કીમની પ્રપોઝલમાં ઓનલાઇન લાભાર્થીઓની વિગતો અને ડોક્યુમેન્ટ્સની ચકાસણી કરવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, દિવ્યાંગોના કલ્યાણ ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓ પાસેથી ભારત સરકારનુ અનુદાન મેળવવા રસ ધરાવતી સંસ્થાઓ પાસેથી "આસીસ્ટન્સ ટુ ડીસેબલ્ડ પર્સન ફોર પરચેઝ/ફીટીંગ ઓફ એઇડ્સ એન્ડ એપ્લાયન્સીસ" (એડીપ સ્કીમ) અને "દિન દયાળ રીહેબીલીટેશન સ્કીમ" (ડી.ડી.આર.એસ.) હેઠળની દરખાસ્તો ભારત સરકારની વેબસાઇટ www.ngograntsje.gov.in દ્વારા ઓનલાઇન મંગાવવામાં આવે છે.

સંસ્થાઓ દ્વારા યોજના સંબંધિત તમામ જરૂરી દસ્તાવેજો હિન્દી/અંગ્રેજી ભાષામાં અપલોડ કરવાના રહે છે, પરંતુ અનુભવે જણાય આવેલ છે કે સંસ્થાઓ દ્વારા પોર્ટલ પર જરૂરી દસ્તાવેજો હિન્દી/અંગ્રેજી ભાષામાં અપલોડ કરવામાં આવતા નથી તેમજ લાભાર્થીઓની ફોર્મેટ મુજબની તમામ વિગતો અપલોડ કરવામાં આવતી નથી, અને ભારત સરકાર દ્વારા અધુરી વિગતો સાથેની દરખાસ્તોની પુર્તતા માટે સબંધિત સંસ્થા/રાજ્ય સરકાર સાથે સંકલન કરવામાં આવે છે અને તેનાથી અનુદાન છુટ્ટ કરવામાં સમયનો વ્યય થાય છે.

આથી સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, સંસ્થાઓ દ્વારા યોજના સંબંધિત તમામ જરૂરી દસ્તાવેજો અને લાભાર્થીઓની તમામ વિગતો હિન્દી/અંગ્રેજી ભાષામાં અપલોડ કરેલ છે કે નહી તેની ખાસ ચકાસણી કરવાની રહેશે અને અધુરી કે અપુરતી વિગતોવાળી દરખાસ્તો જિલ્લા કક્ષાએથી પુર્તતા થયા બાદ અત્રેના યુઝરમાં મોકલી આપવાની રહેશે.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજ્ય ગાંધીનગર

પ્રતિ,

**જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, (તમામ)**

E:\Vivek Shah\201718 Leter Sadar Raju.Docx